# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-06-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PM MODI STATE VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સુરત અને કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં 20 હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. શ્રી મોદી સુરતમાં માર્ગ, વીજળી અને ઔદ્યોગિક ક્ષેત્રોની 18 હજાર 800 કરોડ રૂપિયાથી વધુની વિકાસ પરિયોજનાઓનો શુભારંભ કરાવશે. સૌપ્રથમ તેઓ હજીરા પહોંચશે અને બપોરે જાહેરસભાને પણ સંબોધશે. આ પહેલા શ્રી મોદી ઔદ્યોગિક અને માળખાકીય સુવિધાઓની સમીક્ષા કરશે. આ અંગે આકાશવાણી અમદાવાદનાં અમારાં સંવાદદાતા અપર્ણા ખુંટનો અહેવાલ સાંભળીએ.

**(VOICECAST- APARNA KHUNT) – SURAT**

શ્રી મોદી સાંજે કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં અંદાજે 2 હજાર 970 કરોડ રૂપિયાની વિવિધ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. સાંભળીએ અમારાં સંવાદદાતાનો અહેવાલ

**(VOICECAST- APARNA KHUNT) - DAMAN**

# AHMEDABAD MILLION TREES

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે મિશન ફાઇવ મિલિયન ટ્રીઝ અંતર્ગત અમદાવાદમાં વૃક્ષારોપણના મહાઅભિયાનનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે શહેરમાં હવાની ગુણવત્તા સુધારવા અને પ્રદૂષણના સ્રોતોની સચોટ માહિતી મેળવવા મોબાઇલ સોર્સ અપોર્શનમેન્ટ લેબોરેટરીને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું. મુખ્યમંત્રીએ શહેરમાં હરિયાળી વધારવા અને પર્યાવરણ સંરક્ષણને વધુ મજબૂત બનાવવા માટે મિયાંવાકી પદ્ધતિ આધારિત ક્લોંગ-ઓન ફોરેસ્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટનો પણ શુભારંભ કરાવ્યો. આ કાર્યક્રમ દરમિયાન કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું, આ વર્ષે અમદાવાદ શહેરમાં કુલ 50 લાખ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક રખાયો છે.

(બાઇટ : RUSHIKESH PATEL – મંત્રી)

# ENVIRONMENT DAY

સમગ્ર વિશ્વમાં આજે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે રાજ્યમાં વૃક્ષારોપણ સહિતના કાર્યક્રમો દ્વારા આ દિવસ હર્ષભેર ઉજવાઇ રહ્યો છે. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતેથી એક પેડ મા કે નામ અભિયાનના ત્રીજા તબક્કાનો આજથી પ્રારંભ કરાવ્યો. આ અભિયાન અંતર્ગત ગાંધીનગર લોકસભા વિસ્તારમાં 50 લાખ અને ગાંધીનગર શહેરમાં 5 હજાર વૃક્ષોનું વાવેતર કરાશે. આ પ્રસંગે પટેલે સૌ નાગરિકોને પર્યાવરણ દિવસની શુભેચ્છા પાઠવી હતી.

વલસાડ જિલ્લાના વાપીમાં નાણાં મંત્રી કનુ દેસાઈની ઉપસ્થિતિમાં વિવિધ સ્થળોએ વૃક્ષારોપણ કરાયું. જ્યારે ભાવનગરમાં કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાની ઉપસ્થિતિમાં "ગ્રીન બેલ્ટ અભિયાન"નો પ્રારંભ કરાવાયો. મહીસાગર જીલ્લા સંતરામપુરમાં શિક્ષણ તાલીમ ભવન ખાતે પૂર્વ શિક્ષણ મંત્રી ડૉ કુબેર ડિંડોરે વૃક્ષારોપણ કર્યું. નર્મદા જિલ્લાના વિવિધ તાલુકામાં વૃક્ષારોપણ દરમિયાન પર્યાવરણના સંરક્ષણ, વૃક્ષોના મહત્વ અને હરિયાળું પર્યાવરણ જાળવવા માટે વધુમાં વધુ વૃક્ષો વાવવા અને તેનું જતન કરવા અંગેનો સૌને સંદેશ અપાયો.

# OPERATION DELTA HUNT

'ઓપરેશન ડેલ્ટા હન્ટ' અંતર્ગત_રાજ્યભરમાંથી આજે સવારે 8 વાગ્યા સુધીમાં 568 ગેરકાયદેસર બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર ધરપકડ કરાયેલા નાગરિકોમાં 172 પુરુષો, 282 સ્ત્રીઓ અને 114 બાળકોનો સમાવેશ થાય છે. હાલમાં તમામ જિલ્લાઓમાં પોલીસની જુદી જુદી ટીમો દ્વારા આ ઓપરેશન અંતર્ગત અન્ય શંકાસ્પદ વ્યક્તિઓ અને વિસ્તારોમાં સઘન સર્ચ ઓપરેશન અને તપાસની પ્રક્રિયા હજુ પણ કાર્યરત છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સ્પષ્ટ કર્યું છે કે રાજ્યની સુરક્ષા અને શાંતિ સાથે કોઈપણ પ્રકારની બાંધછોડ ચલાવી લેવામાં આવશે નહીં. ગેરકાયદેસર ઘૂસણખોરી અને વસવાટ કરનારા શખ્સો સામે આ પ્રકારની કડક ઝુંબેશ આગામી સમયમાં પણ યથાવત રહેશે.

# 12 YEARS TECHNOLOGY SECTOR

કેન્દ્રમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારના 12 વર્ષ પૂર્ણ થયા છે. આ સમયગાળામાં ગુજરાત પણ અનેક ક્ષેત્રમાં નવી ઉંચાઈએ પહોંચ્યું છે. આવું જ એક ક્ષેત્ર વિજ્ઞાન અને ટેક્નોલૉજી ક્ષેત્ર પણ છે. રાજ્યમાં ગત 12 વર્ષમાં વિજ્ઞાનના પ્રસાર અને જનમાનસમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસિત કરવા પાટણ, ભુજ, ભાવનગર અને રાજકોટમાં એમ ચાર જેટલા પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે.

આ તમામ કેન્દ્રની અત્યાર સુધીમાં 25 લાખ 64 હજારથી વધુ વિજ્ઞાનપ્રેમીઓએ મુલાકાત લીધી છે. આ કેન્દ્ર વૈજ્ઞાનિક ચેતનાના કેન્દ્ર બન્યા હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.